રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા પ્રતિપળ ઉજ્જ્વળ રાખું

રાજ્યમાં વધુ ૫૧૦ નવા કેસ : અમદાવાદમાં ૩૨૪ : ગાંધીનગરમાં ૩૨

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૭ | ૬ જુન, ૨૦૨૦, શનિવાર; જેઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દેશમાં કોરોના બેકાબુ : નવા ૧૧૯૦૩ કેસ

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૨.૩૫ લાખને પાર : મૃત્યુઆંક ૬૬૩૭એ પહોંચ્યો : જો આ રફ્તારથી કેસો વધશે તો ટૂંક સમયમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૩ લાખને પાર થઇ જશે : સાજા થવાનો રિકવરી રેટ ૪૮.૨૭ ટકા થયો

ન્યુ દિલ્હી,તા.૫

ભારતમાં કોરોનાના કેસો જાણે કે રોજેરોજ નવા નવા વિક્રમો સ્થાપવા માંગતા હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ભારતમાં અત્યારસુધીમાં સૌથી વધારે ૧૧૯૦૩ કેસો બહાર આવ્યાં છે. ઉપરાંત છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૭૪ દર્દીઓના મોત થયા છે. છેલ્લાં એક સપ્તાહથી કોરોના કેસો રોજ ૮ હજાર કરતાં વધારે બહાર આવી રહ્યાં છે. અને ૧૧૯૦૩ કેસો તો સૌથી વધારે તરીકે પ્રસ્થાપિત થયા છે. કોરોના મહામારીથી અત્યાર સુધીમાં દેશમાં ૬,૩૪૮ લોકોના મોત થયા છે જે પૈકી ઊંચો મૃત્યુદર ધરાવતા ટોપ પાંચ રાજ્યોમાં મહારાષ્ટ્રમાં ૨,૭૧૦, ગુજરાતમાં ૧,૧૫૫, દિલ્હીમાં

● અનુસંધાન પાન-૭ પર

વિશ્વમાં દરરોજ નવા ૧ લાખ કોરોના પોઝિટિવ કેસ નોંધાય છે

વોશિંગ્ટન,તા.૫

એક વિદેશી અખબારના ડેટાબેઝ મુજબ બે સપ્તાહમાં ઘણા દેશોમાં બે વખત નવા કેસોની સંખ્યા વધી છે અને ઘટાડો પણ થયો છે. ૩૦મી મેના રોજ વિશ્વભરમાં એક દિવસમાં પહેલા કરતા ૧૩૪,૦૬૪ કેસ નોંધાયા હતા. લેટિન અમેરિકા, આફ્રિકા, એશિયા અને પૂર્વ-મધ્યના હોટસ્પોટ વિસ્તારોમાંથી નવા કેસોમાં વધારો જોવા મળ્યો છે. જણાવી દઈએ કે, અત્યાર સુધી વિશ્વભરમાં કોરોના વાયરસના ૬૪ લાખથી વધુ કેસો નોંધાયા છે. તેમાંથી ૩.૮૩ લાખ કરતા વધુ લોકોના મૃત્યુ થયા છે. લેટિન અમેરિકા, બ્રાઝિલ અને મેક્સિકોમાં બુધવારે દરરોજ કોરોના વાયરસથી થતા રેકોર્ડ મોતની સંખ્યા જાહેર કરવામાં આવી હતી.

મેક્સિકોમાં દરરોજ ૧૦૦૦થી વધુ લોકોના મોત, જયારે બ્રાઝિલે રેકોર્ડ ૧૩૪૯ નવા મોતની પુષ્ટિ કરી છે. એક લાખથી વધુ કોરોના વાયરસના કેસો ધરાવતા દેશોમાં મેક્સિકો ૧૪માં સ્થાને પહોંચી ગયું છે. એશિયામાં પાકિસ્તાનમાં અત્યાર સુધી વાયરસના ૮૫,૨૬૪ કન્ફર્મ કેસો નોંધાયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, કોરોનાના કેસ મામલે પાકિસ્તાન ચીન કરતા આગળ નીકળી ગયું છે. અમેરિકામાં બુધવારે કોરોનાના લગભગ ૨૦હજાર જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. યુકેમાં ટ્રાન્સપોર્ટ સેક્રેટરી દ્વારા ઈંગ્લેન્ડમાં ૧૫ જૂનથી ફેસ કવરિંગ ફરજિયાત રહેશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

ઝારખંડ-કર્ણાટકમાં તીવ્ર ભૂકંપના આંચકા

નવી દિલ્હી, તા. ૫

કર્ણાટક અને ઝારખંડમાં શુક્રવારે સવારે વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા., નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર કર્ણાટકના હમ્પીમાં સવારે ૬.૫૫ વાગ્યે ધરતી ધ્રૂજી હતી. જેની રિએક્ટર સ્કેલ પરની તીવ્રતા ૪.૦ હતી. જોકે, અહીં કોઈ જાન-માલને કોઈ નુકશાન પહોંચ્યું નથી. આ ઉપરાંત ઝારખંડના જમશેદપુરમાં કર્ણાટકની સરખામણીએ વધારે તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે જમશેદપુરમાં પણ ૬.૫૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેની તીવ્રતા કર્ણાટકમાં આવેલા ભૂકંપથી વધારે હતી. સંસ્થાને જણાવ્યું હતું કે રિએક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૪.૭ માપવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૬૭૫૫૫૭૨	૩૯૪૮૭૪	૩૨૦૮૩૧૯
ભારત	૨૩૫૫૪૦	૬૬૩૭	૧૧૨૭૫૭
ગુજરાત	૧૯૧૧૯	૧૧૯૦	૧૩૦૧૧
ગાંધીનગર	૩૯૨	૧૫	૧૭૬

દાઉદ અને તેની પત્નિ કોરોના પોઝિટિવ

મુંબઈ, તા. ૫

ભાગેડુ અંડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહિમનો કોરોના રિપોર્ટ પૉઝિટીવ આવ્યો છે. આ રિપોર્ટ બાદ દાઉદના સુરક્ષાકર્મીઓને તથા અન્ય સ્ટાફને ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે. દાઉદની પત્ની મહજબીનનો રિપોર્ટ પણ કોરોના પૉઝિટીવ આવ્યો છે. દાવુદ ઈબ્રાહિમ અને તેની પત્નીને કરાચીની એક મિલિટ્રી હૉસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા છે.

અમેરિકાની પડખે રહી ભારત આગ સાથે રમે છે : ચીન

ચીનના સત્તાવાર અખબારની પાડોશી દેશને ધમકી : ચીન પર કાબૂ રાખવા યુએસ ભારતની ભૂમિકા વધારવાની લાંબા સમયથી વ્યૂહરચના બનાવી રહ્યું છે : મોદીનું વલણ સત્તાની બીજી ટર્મમાં બદલાયું છે

બેઇજિંગ, તા. ૫

લદ્દાખ બોર્ડર પર લશ્કરી તણાવ વચ્ચે ભારતને જી -૭ માં સામેલ કરવાની યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાથી ચીન ભડકી ગયું છે. ચીનના સત્તાવાર અખબાર ગ્લોબલ ટાઇમ્સે એક ચીનના નિષ્ણાતને ટાંકીને જણાવ્યું છે કે, ટ્રમ્પના જી ૭ અથવા જી ૧૨ ના વિસ્તરણ અંગે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. ચીનના અખબારે ધમકીભર્યા સૂરમાં કહ્યું કે ભારત જી ૭ના વિસ્તરણમાં સામેલ થવા માટે આગ સાથે રમી રહ્યું છે. ગ્લોબલ ટાઇમ્સે કહ્યું કે જી ૭ નો વિસ્તરણનો વિચાર ભૌગોલિક રાજકીય ગણતરી પર આધારિત છે અને તેનો હેતુ ચીનને ઘેરી લેવાનો છે. અમેરિકા ભારતને આમાં સામેલ કરવા માંગે છે કારણ કે નવી દિલ્હી માત્ર વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા નથી બની, પરંતુ ભારત અમેરિકાની ભારત-પ્રશાંત વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ બની ગયું છે. ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ચીનને

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- ભારત માટે ચિંતાજનક સ્થિતિ, વિશ્વમાં ભારત હવે કોરોના કેસમાં છઠ્ઠી સ્થાને.
- ગુજરાતમાં પ્રથમ આઈપીએસ સુશીલ અગ્રવાલ કોરોના પોઝિટિવ આવ્યો.
- યુપીએસની પ્રિલીમનરી પરીક્ષા ૪થી ઓક્ટોબરે જ્યારે મેઈન્સ ૮ જાન્યુઆરી-૨૦૨૧માં યોજાશે.
- શિકાગોમાં ગુજરાતીનો મોટો સ્ટોલ નજર સામે લુંટાઈ ગયો.

મોલ્સ, રેસ્ટોરાં, ધાર્મિક સ્થળ ૮મીથી ખુલશે : માસ્ક જરૂરી

સોશિયલ ડિસ્ટન્સ જરૂરી, વારંવાર સફાઈ કરવી જરૂરી, વડીલો-બાળકોને આવા સ્થળની મુલાકાત ટાળવાની સલાહ

નવી દિલ્હી, તા. ૫

કોરોના વાયરસના ફાટી નીકળ્યા પછી ચેપ અટકાવવા ૨૫ માર્ચથી દેશમાં પ્રથમ લોકડાઉન લાદવામાં આવ્યું હતું. ત્યારથી દેશભરના દરેક શહેરમાં હોટલ, રેસ્ટરન્ટ્સ અને શોપિંગ મોલ બંધ છે. પરંતુ લોકડાઉન ૩૧ મેના રોજ સમાપ્ત થયા પછી, સરકારે ખાસ સાવચેતીઓને પગલે ૮ જૂનથી રેસ્ટોરાં અને મોલ ખોલવાની સૂચના સાથે ૧ જૂનથી અનલોક - ૧ ની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે ગુરુવારે દેશવ્યાપી કોવીડ -૧૯ લોકડાઉન પછી શોપિંગ મોલ, રેસ્ટોરાં અને પૂજા સ્થાનો ખોલવા દેવાના નવા નિયમો જાહેર કર્યા છે. આ તમામ સ્થળો ખોલવાના આદેશ બાદ સરકારે હવે આ સંદર્ભે માર્ગદર્શિકા બહાર પાડી છે જેનું આ તમામ સ્થળોએ સખ્તાઈથી પાલન કરવામાં આવશે અને પાલન નહીં કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ધાર્મિક સ્થળો માટે જારી કરવામાં આવેલી આ સૂચનાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

aashka HOSPITAL

- ઈમરજન્સી સારવાર
- આઈ.સી.યુ. સારવાર
- ઓર્થોપેડિક સર્જરી
- ઇ.એન.ટી.સર્જરી
- ન્યુરો સર્જરી
- લેપ્રોસ્કોપિક સર્જરી
- યુરો સર્જરી
- નીયોનેટ તથા પિડીયાટ્રીક કેર

તથા અન્ય તમામ સેવાઓ ઉપલબ્ધ છે

આશ્કા મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલ

સરગાસણ થી રીલાયન્સ ક્રોસ રોડ,સરગાસણ,ગાંધીનગર-૩૮૨૪૨૧

ઈમરજન્શી નંબર: ૭૫૭૫૦૦૭૭૦૭, ૯૮૭૯૭૫૨૭૭૭